## અરવલ્લી જીલ્લામાં ખખડધજ એસ.ટી બસ એટલે ગમે ત્યારે મુસાફરો માટે ઘાતક બની શકે




મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં વારંવાર એસટી બસ રોડ પરથી ઉતારી પાડવાની સાથે પલટી ખાવાની અને મુસાફરો ઈજાગ્રસ્ત બનાવની ઘટનાઓ બની છે. ત્યારે સોમવારે શામપુર નવાથી મોડાસા તરફ આવતી બસમાં મરડીયા પાટિયા નજીક ખામી સર્જાતા ચાલુ બસે જોઈન્ટ તુટતાં બસ ડ્રાઈવરે સમય સુચકતા વાપરી બસની ઝડપ પર કાબુ મેળવી થોભાવવામાં સફળતા મળતા બસમાં મુસાફરી કરતા ૫૦ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. એસટી તંત્ર દ્વારા મુસાફરોને અન્ય બસ મારફતે મોકલવાની વ્યવસ્થા ગોઠવી હતી. એસટી બસના સલામતીના દાવા પોકળ સાબિત થતા પ્રજાજનોમાં એસટી તંત્ર સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો.

# અરવલ્લી જીલ્લાના ૨૨૧થી વધુ તલાટીએ બાંયો ચઢાવી

### સરકાર સામે પડતર માંગણી લઈ હડતાલ પર બેઠા : ન્યાય નહિ મળે ત્યાં સુધી હડતાલ યથાવત





મોડાસા, તા. ૨૨

રાજ્યની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા તલાટીઓ તેઓની પડતર માંગણીઓને લઈ છેલ્લા કેટલાક સમયથી સરકાર સામે આંદોલનનું રણશિંગુ ફુક્યું છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા તલાટીઓ પણ આ આંદોલનમાં જોડાયા હતા અને પાલનપુર નજીક આવેલા મંદિર પરિસરમાં જીલ્લાના ૬ તાલુકાના ૩૨૦ ગ્રામ પંચાયતના ૨૨૧થી વધુ તલાટી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જતા અને રેકોર્ડ રૂમની ચાવી અને સિક્કા સાથે રાખી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. તલાટી મંડળના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર સરકારમાં તેમની પડતર માંગણીઓ અંગે વારંવાર રજુઆત કરવાની સાથે રાજ્ય સહીત અરવલ્લી જીલ્લાના તલાટીઓ દ્વારા ગયા મહિને કાળી પટ્ટી ધારણ કરવા ઉપરાંત એક દિવસ માટે પેન ડાઉન કરી વિરોધ કરાયો હતો તેમ છતાં તલાટીઓના પ્રશ્નોના ઉકેલ માટે સરકાર દ્વારા કોઈજ પગલાં લેવામાં નહીં આવતા આજથી જિલ્લાની ૩૨૦ ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા ૨૨૧ તલાટીઓ અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરવા મજબુર બનવું પડ્યું હતું અને સરકાર તેમની માંગો અંગે યોગ્ય ન્યાય નહિ આપે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ યથાવત રહેશે હોવાનું જણાવ્યું હતું.

## ભિલોડાના જેતપુર ગામેથી સેવરોલેટ સ્પાર્ક કારમાંથી રૂા.૮૫,૨૦૦નો વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જેતપુર ગામના સીમ વિસ્તારમાં સેવરોલેટ સ્પાર્ક કારમાંથી પરપ્રાંતિય પાસ પરમીટ



વગરનો જુદી-જુદી બ્રાન્ડનો વિદેશી દારૂ પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન રૂા.૮૫,૨૦૦નો ઝડપાયો છે. વિદેશી દારૂ, કાર સહિત કુલ મુદ્દામાલ રૂા.૨,૩૫,૨૦૦નો ઝડપાયો છે. વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા સેવરોલેટ સ્પાર્કના કાર ચાલક વિરૂધ્ધ પોલીસએ પ્રોહિબીશન એંક્ટ મુજબ ગુનો નોંધી ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ. આર. સંગાડા સહિત પોલીસ કાફલો ગત રાત્રે સઘન પેટ્રોલીંગમાં ફરતો હતો તે દરમ્યાન ટાકાટુકા-ટોરડા ધોરીમાર્ગ ઉપર સેવરોલેટ સ્પાર્ક કાર નંબર. જી. જે. ૦૯. એ. જી. ૩૫૨૫નો ચાલક પુરપાટ ઝડપે કાર હંકારતો હોવાથી શંકાસ્પદ લાગતાં પોલીસએ કાર ચાલકને કાર ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો પરંતુ કાર ચાલકએ પુરપાટ ઝડપે કાર હંકારતાં પોલીસએ ફિલ્મી ઢબે કારનો પીછો કરતાં વિદેશી દારૂની હેરાફેરી કરતા કાર ચાલકે અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ જેતપુર ગામની સીમમાં ડુંગરની તળેટી વચ્ચે વિદેશી દારૂ ભરેલી કાર મુંકી કાર ચાલક ડુંગરોમાં જંગલ વિસ્તારમાં ભાગી ગયો હતો. સેવરોલેટ સ્પાર્ક કારમાં વચ્ચેની સીટમાં અને પાછળની ડીકીમાં જુદી-જુદી બ્રાન્ડની દારૂની પેટીઓ નંગ-૧૫ બોટલ નંગ-૧૮૦ કિંમત રૂા.૮૫,૨૦૦નો મુદ્દામાલ તેમજ સેવરોલેટ સ્પાર્ક કારની કિંમત રૂા.૧,૫૦,૦૦૦ સહિત કુલ રૂા.૨,૩૫,૨૦૦નો મુદ્દામાલ પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન ઝડપાયો હતો. પોલીસએ સેવરોલેટ સ્પાર્ક કાર ચાલક વિરૂધ્ધ વિદેશી દારૂની હેરાફેરી સંદર્ભે ગુનો નોંધી ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

## તલોદના હરસોલ ગામે હઝરત તાજશાહબાવા દરગાહ પર ઉર્સની ભવ્ય ઉજવણી થશે

તલોદ, તા. ૨૨

હરસોલ ખાતે આવેલ હઝરત તાજશાહ બાવાની દરગાહ મુસ્લિમ-હિન્દુ સમાજની એકતાના પ્રતીક સમાન છે. દરગાહનું મુખ્ય આકર્ષણ તેની સાથે જોડાયેલ માન્યતાના લીધે દૂર દૂરથી હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો ચોરી કરનાર શકમંદ વ્યક્તિને પોલીસ સ્ટેશન લઈ જવાના બદલે દરગાહ પર લાવી બેડી પહેરાવી ન્યાયની ગુહાર લગાવે છે. ૨૫-૧૦-૨૦૧૮ના રોજ ભવ્યાતિભવ્ય ઉજવણી સાથે કવ્વાલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સદભાવના ઉજવણીમાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહે છે. ઉર્સ મુબારક ઉજવણીના પ્રમુખ લિયાકતમિયા પરમાર અને ગોષીયા યંગ કમિટી દ્વારા રાત્રે મશહૂર કવ્વાલ અઝીમ નાઝ અને તોસીફ આલમ દ્વારા કવ્વાલીનો મુશાયરો યોજાશે.

## ભિલોડા પોલીસએ પેટ્રોલીંગ દરમ્યાન વિદેશી દારૂ અને મુદ્દામાલ ઝડપી લીધો

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.છેલ્લા કેટલાક સમયથી પોલીસ ધ્વારા વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમો પર લાલ આંખ કરવમાં આવતાં ઠેર-ઠેર ગ્રામ્ય વિસ્તારોમાંથી વિદેશી દારૂ ઝડપાતાં બુટલેગરોમાં ભારે સોંપો પડી ગયો છે. ભિલોડા પો. સ. ઈ. એમ. આર. સંગાડા અને પોલીસ સ્ટાફ ગ્રામ પંચાયતની ચુંટણી સંદર્ભે બુથ વિઝીટમાં પેટ્રોલીંગમાં ફરતા હતા તે દરમ્યાન ટાકાટુકા ગ્રામ પંચાયત ચુંટણી બુથ ચેક કરી ઝીંઝોડી ગામના માર્ગ ઉપર ખાનગી બાતમીના આધારે કેશરપુરા ગામથી ઝીંઝોડી ગામ વચ્ચે બજાજ પલ્સર બાઈક ઉપર એક ઈસમ વિદેશી દારૂની પેટીઓ કંતાનના થેલામાં સંતાડી લાવતો હતો. વિદેશી દારૂની હેરાફેરી કરતા બાઈક ચાલકએ પોલીસનું વાહન દુરથી જોઈ લેતાં બાઈક રોડ ઉપર મુંકીને અંધારાનો લાભ લઈ વિદેશી દારૂની હેરાફેરી કરતો બાઈક ચાલક ઈસમ ડુંગરાળ વિસ્તારમાં પલભરમાં પલાયન થઈ ગયો હતો. કંતાનના થેલામાં અલગ-અલગ બ્રાન્ડની જુદી-જુદી બોટલો નંગ-૮૨ કિંમત રૂા.૨૬,૮૦૦/- અને બાઈકની કિંમત રૂા.૩૦,૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૫૬,૮૦૦/- ઝડપી પોલીસએ પ્રોહિબીશન એંક્ટ મુજબ બાઈક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

## કાંકરેજ તાલુકામાં ત્રણ ગ્રામ પંચાયતોમાં મતદાન યોજાયું



કાંકરેજ, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લામાં આજે કાંકરેજ તાલુકાના ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું.

બનાસકાંઠા જિલ્લામાં વર્તમાન સમય ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થતા ફરી ચૂંટણીનો માહોલ જામ્યો છે જેમાં પ્રચાર પડઘમ શાંત થયા બાદ આજે બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીનું મતદાન યોજવામાં આવ્યું હતું. જેમાં કાંકરેજ તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવામાં આવી છે. જેમાં આજે મતદાન હોઈ વહેલી સવારે મતદાન મથક ઉપર મતદારોનો ઘસારો જોવા મળી આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ રીતે મતદાન યોજવામાં આવ્યું હતો જો કે કોઈ અનિચ્છનિય બનાવ ના બનતા તંત્ર રાહતનો દમ લીધો છે અને ઉમેદવારો એક બીજા જીતનો દાવો કરી રહ્યા છે.

જ્યારે તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણી વડા ગ્રામ પંચાયત, અટુંબીયાવાસ ગ્રામ પંચાયત, ઠાકોર વાસ ગ્રામ પંચાયતની ચૂંટણી દરમિયાન મતદાન મથક ઉપર મતદારોની લાઈનો લાગી હતી. જેમા શાન્તિ રીતે મતદાન થયુ હતુ. ત્રણેય ગ્રામ પંચાયતની ચુંટણીમાં અતિ સંવેદનશીલ મતદાન મથક હોવાને કારણે પોલીસ દ્વારા કડક વલણ ઓળખ કાર્ડ વીના પ્રવેશ ઉપર પ્રતિબંધ રાખવામા આવ્યો હતો. સાંજ સુધી કુલ ૬૫ થી ૭૦ ટકા જેટલું મતદાન મથકો ઉપર મતદાન નોંધાયું હતું અને ઉમેદવારો તેમજ પોલીસ દ્વારા સુમેળ સબંધ થી શાન્તિપૂર્વક મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી અને વડા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૩-૪-૧૦ના સભ્યો ઉમેદવારનું મતદાન યોજાયું હતું જયારે ઠાકોરવાસમાં ૨ સરપંચ ઉમેદવાર અને અટુંબીયા વાસમાં ૪ સરપંચ ઉમેદવારનું મતદાન યોજાયું હતું. જેમાં બુથવાઈઝ ૧ પ્રેસઈડિંગ ૩ પોલીગ ૧ પટાવાળો એમ કુલ ૮ બુથ ઉપર ૪૦નો સ્ટાફ ચુંટણીમાં મતદાન મથક ઉપર કામગીરી કરી હતી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

તેમજ ચૂંટણી અધિકારી તરીકે બી.એમ.જોષી દ્વારા અને ઝોનલ દ્વારા મતદાન મથક ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરી દરેક ઉમેદવારની નિગરાની હેઠળ ખૂબ સુંદર રીતે મતદારોએ મતદાન કર્યુ હતું અને અધિકારીઓ તેમજ ઉમેદવારોએ હાશકારો અનુભવ્યો હતો. ત્યારે ૬ સરપંચ ઉમેદવાર અને ૬ સભ્યો ઉમેદવારના ભાવિ પેટીમા પુરાયા હતા.

## મોડાસા શહેરની પ્રતિષ્ઠિત નાગરીક સહકારી બેન્ક દ્વારા ઈનામ વિતરણ



મોડાસા, તા. ૨૨

આજે મોડાસ શહેરની પ્રતિષ્ઠિત નાગરીક સહકારી બેન્ક દ્વારા ઈનામ વિતરણ સભાસદોના ૭૫થી વધુ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરી તેમના અંદર રહેલી પ્રતિભાને બહાર લાવી નાગરીક બેન્ક ધ્વારા મોટીવેટ કરવામાં આવ્યા.

નાગરીક બેન્કના ચેરમેન કમલેશ પટેલના જણાવ્યા મુજબ દર વર્ષે બેન્ક ઈનામ વિતરણ કરી બાળકોને પ્રોત્સાહિત કરી તેમને સારી ગુણવત્તાસભર મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવે છે. ચાલુ સાલે બેન્કના પુર્વ ચેરમેન વિનોદ શાહ અને ડો. કિરીટભાઈ શાહ તેમજ મેનેજર મંગેશભાઈ શેઠ, ડીરેક્ટર અશોક ભાવસાર, એચ.એ. શાહ, અલ્પેશ ગાંધી, પરેશભાઈ, જયેશભાઈ, પ્રગ્નેશ ગાંધી, દિપક શાહ તેમજ સુવર્નાબેન સહીતના મહાનુભવો હાજર રહ્યા હતા.

ચેરમેન કમલેશ પટેલે સભાસદો અને બાળકોને ભારતભરમા મોડાસાનુ નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## આજથી સાબરકાંઠા જીલ્લાના તલાટીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા



હિંમતનગર, તા. ૨૨

હિંમતનગર સહીત જીલ્લામાં સોમવારથી પડતર પ્રશ્ને તલાટીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતારી ગયા હતા જેને લઈને હવે ગ્રામજનોને પરેશાની ભોગવવાનો વારો આવશે.

સાબરકાંઠા જીલ્લા તલાટી એસોસીએસન ધ્વારા પડતર પ્રશ્નોના નિકાલના અભાવે આજથી જીલ્લાના આઠ તાલુકાના ૩૨૪ તલાટીઓ હડતાલ પર ઉતરી ગયા હતા જેને લઈને હવે ગ્રામજનોને પરેશાની ભોગવવાનો વારો આવશે. સોમવારે હિંમતનગર તાલુકાના તલાટીઓએ તાલુકા પંચાયત કચેરીમાં એકઠા થયા હતા. સુત્રોચ્ચાર સાથે દેખાવો કર્યા હતા તો પંચાયતની ઓફીસ કચેરીને તલાટીઓએ તાળાબંધી કરી કરીને ચાવીઓ તાલુકા તલાટી મંડળના હોદ્દેદારોને આપી હતી. આવનારા દિવસોમાં માંગણીઓનો અંત નહિ આવે તો ચાવીઓ તાલુકા વિકાસ અધિકારીને સોપવામાં આવશે. બીજી તરફ કોમ્પુટર ગ્રામ પંચાયત સાહસિક મંડળના કોમ્પુટર ઓપરેટર તરીકે કામ કરતા જીલ્લાના અંદાજે ૫૭૬ કમર્ચારીઓ પણ તલાટીને પત્ર આપી તલાટીઓને સમર્થન કર્યુ હતું. આમ તલાટી સાથે હવે કોમ્પુટર ઓપરેટર પણ જોડાયા છે જેથી પંચાયતમાં ગ્રામજનોને આવકના દાખલા, યોજનના લાભો, ક્રિમનલ સર્ટીફીકેટ મેળવવા માટે પરેશાની સામનો કરવો પડશે. પંચાયતની તલાટી ઓફીસને તાળાબંધી કરી દીધી છે અને હાલમાં જીલ્લામાં ૪૧૮ ગામમાં સરદાર વલ્લભભાઈ પટેલની નીકળેલી એકતા રથયાત્રાને પણ અસર પહોચે તો નવાઈ નહિ.

## ધનસુરા તાલુકાની ૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ



ધનસુરા, તા.૨૨

ધનસુરા તાલુકા ની ૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી શાંતિ પૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાઈ હતી. ધનસુરા તાલુકાના શિણોલ, નવી શિણોલ, અને નારણપુરા કંપા ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી.

શિણોલ ગ્રામ પંચાયતમા ૭૭% જેટલું મતદાન થયું હતું, નવી શિણોલ ગ્રામ પંચાયતમા ૮૧% જેટલું મતદાન થયું હતું, જયારે નારણપુરા કંપા ગ્રામ પંચાયતમાં ૭૯% જેટલું મતદાન થયું હતું.

આ ચૂંટણી ઈવીએમ દ્વારા યોજાઈ હતી. ચૂંટણીમાં ૪૦૦ ઈવીએમ મશીનોનો ઉપયોગ કરાયો હતો. લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૨૪ તારીખના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. ધનસુરા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી યોગેશભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે ચુસ્ત પોલીસ બંધોબસ્ત વચ્ચે આજે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાઈ હતી.

## અરવલ્લી જીલ્લામાં ૨૩ ગ્રામ પંચાયતની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ૨૩ ગ્રામપંચાયતની ચૂંટણીમાં ગામના મુખી અને સભ્યો માટેની ચૂંટણી યોજાયી હતી. જીલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગ્રામપંચાયતમાં સરપંચપદના ઉમેદવારોએ છેલ્લા કેટલાક દિવસોથી મતદારોને રીઝવવા અને જીત મેળવવા એડી ચોંટીનું જોર લગાવી દીધું હતું.



સોમવારે યોજાયેલ મતદાનમાં મતદાર મતાધિકારથી વંચિત ન બને તે માટે ચૂંટણીમાં ઝંપલાવનાર ઉમેદવારોએ ભારે દોડધામ કરી મૂકી હતી.

બીજીબાજુ મતદારોએ પણ ગ્રામપંચાયતની ચૂંટણી લઈને ભારે ઉત્સાહ બતાવતા મતદાન મથકો પર વહેલી સવારથી લાઈન લગાવી દીધી હતી. વહીવટીતંત્ર ૨૩ ગ્રામપંચાયતની ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટતા અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીપ્રક્રિયા પૂર્ણ થતા રાહતનો શ્વાસ લીધો હતો.

## અરવલ્લી અંડર-૧૭ હોકી ટીમ રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવતા કલેક્ટર એમ.નાગરાજન ખેલાડીઓ વચ્ચે પહોંચ્યા



મોડાસા, તા. ૨૨

અરવલ્લી-મોડાસાની અંડર-૧૭ હોકી ટીમ રાજ્ય કક્ષાએ આણંદ જીલ્લાના ધર્મજ ખાતે યોજાયેલ ટુર્નામેન્ટમાં વિજેતા બનતા ટીમની પસંદગી નેશનલ લેવલ પર થતા ટીમ દિલ્હી ખાતે આવેલા શાસ્ત્રી મેદાનમાં ભાગ લેવા આમંત્રિત થતા ખેલાડીઓ, કોચ અને અરવલ્લી જીલ્લાના રમતપ્રેમીઓમાં આનંદ છવાયો હતો.

અંડર-૧૭ની હોકી ટીમ દિલ્હી મેચ રમવા રવાના થાય તે પહેલા અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન મોડાસા કોલેજ કેમ્પસ ખાતે આવેલા ડીએલએસ મેદાનમાં પહોંચી રાજ્યમાં જિલ્લાનું અને મોડાસા શહેરનું નામ ગુંજતું કરનાર ખેલાડીઓ અને કોચને અભિનંદન પાઠવી વાર્તાલાપ કરી પ્રોત્સાહિત કરાતા ખેલાડીઓ અને કોચ ઝુમી ઉઠ્યા હતા અને નેશનલ લેવલે વિજેતા બનાવ શુભેચ્છા પાઠવી હતી.